પી. ભારતી, આઈ.એ.એસ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૨૦૨૧/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
તા. ૯.૦૬.૨૦૨૧
ફોન નંબર: (૦૭૯) ૨૯૬૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ

| | |
|---|---|
| પ્રાચાર્યશ્રી<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>જિ.તમામ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિલ્લા. તમામ |
| જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા |

**વિષય : જ્ઞાનસેતુ (બ્રિજકોર્સ-ક્લાસ રેડિનેશ), કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ (CCC 2.O), ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લીમીટેડ (GET)- G-SHALA (Gujarat Students' Holistic Adaptive Learning App) ના શુભારંભ/ઉદઘાટન કાર્યક્રમ નિહાળવા બાબત.**
**સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૬૫૭૭-૬૭૩ તા.૨૪.૫.૨૦૨૧**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપ સૌ સુવિદિત છો કે, જ્ઞાનસેતુ (બ્રિજકોર્સ-ક્લાસ રેડિનેશ) કાર્યક્રમ તા.૧૦ જુન, ૨૦૨૧ થી ૧૦ જુલાઈ, ૨૦૨૧ દરમ્યાન યોજાનાર છે. આ કાર્યક્રમનો શુભારંભ તા.૧૦ જુન, ૨૦૨૧ ના રોજ દુરદર્શન કેન્દ્ર ડીડી ગિરનાર મારફત સવારે ૯:૦૦ કલાકથી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી, માનનીય રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી ના આર્શીવચનથી થનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ ડીડી ગિરનાર ઉપરાંત બાયસેગ, માઈક્રોસોફ્ટ ટીમ્સ ઉપરાંત યુ-ટયુબ લાઈવથી થનાર છે.

શિક્ષણ વિભાગ મારફત ગુણવત્તા સુધારણા, ફિલ્ડ સ્ટાફના મોનીટરીંગ, રીયલ ટાઈમ ડેટા વગેરે બાબતો માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવેલ છે. અતિ આધુનિક ટેકનોલોજી સભર અને અતિ આધુનિક ભૌતિક સુવિધાઓ સાથે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ (CCC 2.O) તૈયાર કરવામાં આવેલ છે. આ CCC 2.O નું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તા.૧૦ જુન, ૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે CCC 2.O, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે થનાર છે. આ કાર્યક્રમમાં માનનીય શિક્ષણમંત્રીશ્રી તેમજ માનનીય રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પણ જોડાનાર છે. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ બાયસેગ વંદે ગુજરાત ચેનલ, માઈક્રોસોફ્ટ ટીમ્સ તેમજ યુ-ટયુબ લાઈવ પરથી થનાર છે. આ કાર્યક્રમની સાથોસાથ ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજી લીમીટેડ GET- G-SHALA (Gujarat Students' Holistic Adaptive Learning App નું પણ ઉદઘાટન થનાર છે.

તો આપશ્રી અને આપના જિલ્લાના તમામ કેળવણી નિરીક્ષકો, બીઆરસી/સીઆરસી કો-ઓર્ડિનેટરો, તમામ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રોને આ કાર્યક્રમ બાબતે જાણ કરવા તેમજ જોડાવા માટે વિનંતી.

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર

જા.ક્ર/માં-૧/૨૦૨૧/૭૫૬૫

તા. ૧૧/૬/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ શાળાઓ તરફ.

રા- જાણ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.